# દાંતીવાડા કૃષિ યુનિ.ના ઈન્ચાર્જ કુલપતિ ગેરલાયક હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ

## એક ખેડૂતે માંગેલી માહિતીમાં ચોકાવનારી વિગત બહાર આવી : લાયક ન હોવા છતાં પણ બે વર્ષથી ભોગવી રહ્યા છે હોદ્દો

દાંતીવાડા, તા. ૧૧

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ખુદ ઈન્ચાર્જ કુલપતિ પોતે પદ માટે લાયક ન હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ માહિતી અધિકાર નિયમ હેઠળ માંગવામાં આવેલી માહિતીમાં થયો છે.

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં કાયમી કુલપતિ તરીકેની જગ્યા ખાલી થતાં તા. ૬-૯-૨૦૧૧ના રોજ ઈન્ચાર્જ કુલપતિ તરીકે હોમ સાયન્સ કોલેજના ડિન ડૉ. કે. શ્રીધરનની નિમણૂક કરવામાં આવી હતી. ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ મુજબ ઈન્ચાર્જ કુલપતિ તરીકે સૌપ્રથમ કૃષિ યુનિવર્સિટીના કાયમી સંશોધન નિયામક અને તે ન હોય તો કાયમી ડીનની નિમણૂક કરવાની હોય છે.

જોકે સરદાર કૃષિનગર યુનિવર્સિટી દાંતાવાડી કૃષિ યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા વર્ષોથી કાયમી સંશોધન નિયામકની જગ્યા ખાલી છે. તો દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં આવેલી ૮ કોલેજોમાંથી ૭ કોલેજોમાં ડીનની જગ્યા ખાલી છે. આમ, રાજ્યપાલ દ્વારા માત્ર એક જ કાયમી ડીન ડૉ. કે. શ્રીધરનની તા. ૬-૯-૨૦૧૧ના રોજ ઈન્ચાર્જ કુલપતિ તરીકે કરી હતી. જોકે ઈન્ચાર્જ કુલપતિ તરીકે ડૉ. કે. શ્રીધરનને સત્તા



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

સંભળતાની સાથે જ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી વિવાદોથી ઘેરાયેલી રહી છે. જેમાં તાલુકાના ખેડૂત હાથીભાઈ ચૌધરીએ માહિતી અધિકાર નિયમ હેઠળ ડૉ. કે. શ્રીધરનની ઈન્ચાર્જ કુલપતિ બનવા અંગેની લાયકાત અંગેની માહિતી રાજ્ય સરકારના કૃષિ અને સહકાર વિભાગ પાસે માંગી હતી. જે માહિતીમાં જણાવ્યા મુજબ ડૉ. કે. શ્રીધરનની ડીન તરીકેની સમયમર્યાદા ૨૦૧૦માં પૂર્ણ થઈ જતી હોઈ ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ મુજબ તેનો ઈન્ચાર્જ કુલપતિ બની શકે નહીં.

વધુમાં માહિતીમાં જણાવ્યા મુજબ ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ મુજબ કોઈ પણ વ્યક્તિ ડીન તરીકે વધુમાં વધુ ૬ વર્ષ સુધી જ સત્તા સંભાળી શકે. જ્યારે ડૉ. કે. શ્રીધરનની હોમ સાયન્સ કોલેજના ડીન તરીકે તા. ૩૧-૭-૨૦૦૪માં નિમણૂક કરવામાં આવી હતી. ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ મુજબ તેમનો ૬ વર્ષની સમયમર્યાદા તા. ૩૦-૭-૨૦૧૦ પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે તેઓની નિમણૂક સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ તરીકે તા. ૬-૯-૨૦૧૧ના રોજ મહામહિમ રાજ્યપાલ દ્વારા કરવામાં આવી હતી.

આમ, વિવાદોથી હંમેશા ઘેરાયેલી રહેતી સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ખુદ ઈન્ચાર્જ કુલપતિ પોતાની ગેરલાયકાતને લઈને ભારે વિવાદાસ્પદ બન્યા છે. આ સમગ્ર માહિતીનો ઘટસ્ફોટ કરનાર ખેડૂત હાથીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ તરીકે ડૉ. કે. શ્રીધરન છેલ્લાં ૨ વર્ષથી પોતે ગેરલાયક હોવા છતાં પણ ગેરકાયદેસર રીતે સત્તા ભોગવી રહ્યા છે અને પ્રજાના પૈસા થતા હોદ્દાનો દુરુઉપયોગ કરી રહ્યા છે. જેમની સામે મહામહિમ રાજ્યપાલે તથા રાજ્ય સરકારે કાયદેસરની કાર્યવાહી કરી છેલ્લા ૨ વર્ષથી પ્રજાના પૈસા થતા હોદ્દાનો દુરઉપયોગ કરીને કરેલ આર્થિક નુકસાન ભરપાઈ કરવું જોઈએ. હાલમાં સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના અતિ મહત્ત્વના ૨૨ હોદ્દાઓમાંથી ૨૧ હોદ્દાઓ ઈન્ચાર્જથી ચાલી રહ્યા છે.



### દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતેથી ગેરકાયદેસર લાકડાં ભરેલ બે વાહનો ઝડપાયા

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાંથી લાકડાં લઈ જતા વાહનોની બાતમી મળતા દાંતીવાડા વન વિભાગ દ્વારા વોચ ગોઠવી લાકડાં ભરેલ બે વાહન ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાંથી હરાજીમાં રખાયેલા વૃક્ષો રાખનાર વ્યક્તિ દ્વારા વૃક્ષો લઈ જવાતા હતા. દરમિયાન રાત્રિના ૯ થી ૧૦ કલાકે દાંતીવાડા આર.એફ.ઓ. આઈ. એમ. રબારી વનપાલ વી. એમ. નાયક, જનરક્ષક આર. ડી. ધાસુરા સહિતની ટીમે યુનિવર્સિટીમાં આવેલા ભાસ્ટોક પાસે લાકડા ભરેલ ટ્રક અને ટ્રેક્ટરને ઝડપી પાડ્યા હતા અને વાહનોને કબજે લઈ તેમના વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. (તસવીર : પ્રવીણ પટેલ, દાંતીવાડા)


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ પાસે આવેલ ઓરણ હાઈસ્કૂલમાં સરસ્વતી સાધના યોજના અંતર્ગત ૩૯ વિદ્યાર્થીઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપના મહામંત્રી રાજેન્દ્ર શાહ સહિતના આગેવાનો તેમજ શાળાના આચાર્ય ડૉ. કૃષ્ણસિંહ રાઠોડ અને શાળા પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# પ્રાંતિજમાં ફુલાવરનું બિયારણ નબળું નિકળતા ખેડૂતોને લાખ્ખોનું નુકસાન


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૧૧

પ્રાંતિજ સહિત આસપાસના વિસ્તારોમાં આશરે ૩૫૦ વિઘાથી પણ વધુ જમીન પર ફુલાવરના વાવેતરમાં બિયારણ ખરાબ નિકળતા તમામ પાક નિષ્ફળ થવા પામ્યો છે. પરિણામે ખેડૂતોને લાખ્ખો રૂપિયાના નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતોને કુદરતી પાટા પછી માનવ રચિત પાટુ પડતાં હાલ સ્થિતિ કફોડી બની છે.

પ્રાપ્ત વિગતો અનુસાર પ્રાંતિજ તાલુકામાં તેમજ આસપાસના વિસ્તારમાં મુખ્યત્વે મોટા પ્રમાણમાં ફુલાવર અને કોબીજનું વાવેતર કરવામાં આવે છે. આ વર્ષે પણ આશરે ૩૫૦ વિઘા જમીન પર ખેડૂતોએ ફુલાવરનું વાવેતર કર્યું હતું અને રૂ. ૩૦ થી ૩૫ હજાર કિલોના ભાવનું બિયારણ નાંખવામાં આવ્યું હતું. પરંતુ બિયારણ નબળું અને મિક્ષ બનાવટવાળું હોવાથી સંપૂર્ણ પાક નિષ્ફળ થયો છે. ખરાબ અને દબાયેલા ફુલાવરના દડા માર્કેટ યાર્ડમાં કોઈ વેપારી મફતના ભાવે પણ લેવા માટે તૈયાર થતું નથી અને ખેડૂતોનાં ખેતરમાં ઢગલે - ઢગલાં પડેલા જોવા મળે છે. ખેડૂતોને આગામી સિઝનમાં વરસાદને કારણે અને બીજી વખત નબળા બિયારણના લીધે પાક નિષ્ફળ જતાં ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકી ગયા છે અને ભારે નુકસાન સાથે દુઃખના ડુંગર નીચે દટાઈ ગયા છે ત્યારે નકલી બિયારણનું વેચાણ કરતા વેપારી સામે કડક કાર્યવાહી કરવા તંત્ર સમક્ષ ખેડૂતો માંગ કરી રહ્યા છે.



પાલનપુર-દાંતીવાડા માર્ગ પર ડાંગીયા એસ.આર.પી. કેમ્પમાં ફરજ બજાવતા પ્રવિણસિંહ ગોહિલ અને તેમના પત્ની બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે અજાણી કારે ટક્કર મારી કાર ડ્રાઈવર ભાગી ગયો હતો.
(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# બંધ ઘરમાંથી સાત લાખના મુદ્દામાલની ઉઠાંતરી કરાઈ

અમદાવાદ, તા.૧૧

શહેરમાં તસ્કર રાજે જાણે માઝા મુકી હોય તેમ ઘરફોડ, ચોરી, લૂંટના બનાવો અવારનવાર પ્રકાશમાં આવી રહ્યા છે. બીજી તરફ પોલીસ તંત્ર દ્વારા ગુનાખોરીને રોકવા નિયમો બનાવાયા છે પરંતુ આ નિયમોને તસ્કરો લાગે છે કે ઘોળીને પી ગયા છે. આવું જ કંઈક બન્યું અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલ વિમલનગર સોસાયટીમાં જ્યાં તસ્કરો બંધ ઘરમાંથી અંદાજે સાત લાખના મુદ્દામાલની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયા છે.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ઓઢવ વિસ્તારમાં વિમલનગર સોસાયટીમાં રહેતા પ્રવિણભાઈ મણીલાલ પટણી ખાનગી કંપનીમાં કામ કરે છે. છેલ્લા થોડા સમયથી પ્રવિણભાઈના સસરા બિમારીથી ઘેરાયેલા હતા અને જીવનમરણ વચ્ચે ઝોલા બાય રહ્યા હતા. આ સંજોગોમાં પ્રવિણભાઈ તેમના પરિવારજનો સાથે હોસ્પિટલમાં હતા. બીજી તરફ પ્રવિણભાઈના બંધ ઘરમાં તસ્કરો ઘુસી આવીને સોનાના દાગીના રૂા. ૩,૫૦,૦૦૦, ૧.૮૨ કિલો ચાંદી તથા રોકડ રૂપિયા સહિત કુલ સાત લાખની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. થોડા દિવસ બાદ પ્રવિણભાઈના સસરાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતાં પ્રવિણભાઈ પોતાના પરિવાર સહિત ઘરે પરત ફર્યા હતા ત્યારે પ્રવિણભાઈએ પોતાના ઘરના કબાટની તિજોરીમાંથી લાખો રૂપિયાના મુદ્દામાલની ચોરી થઈ હોવાનું માલુમ પડતાં તેમના હોશકોશ ઉડી ગયા હતા. અને તેમણે તાત્કાલીક સ્થાનિક પોલીસ અધિકારીને આ ચોરીની જાણ કરી હતી. પોલીસ અધિકારીઓએ ડોગ સ્કોડ તેમજ ફિંગરપ્રિન્ટના આધારે તપાસ હાથ ધરી છે.

# ઘાતક હથિયારો સાથે બે શખ્સની ધરપકડ કરાઈ

## ક્રાઈમ બ્રાંચની ટીમે વિવિધ વિસ્તારોમાંથી ગુનાખોરીમાં ઉપયોગમાં લેવાતા હથિયારોની સાથે બેની ધરપકડ કરી

અમદાવાદ, તા.૧૧

શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ ક્રમશઃ ઘટાડવા માટે પોલીસ અધિકારીઓ દ્વારા તકેદારીના ભાગરૂપે વિવિધ પગલાં લેવામાં આવે છે. તેમ છતાં પોલીસની આંખ નીચેથી શહેરમાંથી સમયાંતરે વિવિધ પ્રકારના ગુનાખોરીમાં ઉપયોગમાં લેવાતા હથિયારો મળી આવે છે. તેની સાબિતીરૂપે આવો જ એક બનાવ શહેરમાં બનવા પામ્યો છે. જ્યાં ક્રાઈમબ્રાન્ચની ટીમે અલગ-અલગ વિસ્તારમાંથી ગુનાખોરીમાં ઉપયોગમાં લેવાતા હથિયારો સહિત બે શખ્સોની ધરપકડ કરી છે. ક્રાઈમબ્રાન્ચની ટીમે પેટ્રોલીંગ દરમ્યાન હાટકેશ્વર સર્કલ ચાર રસ્તા પાસેથી ઈકબાલખાન મુનાવરખાન પઠાણ (ઉ.૩૦) (રહે. ૨૩, હુસેની ચોક પાસે, બાપુનગર)ને એક દેશી પીસ્ટલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલ આરોપીની પૂછપરછમાં આરોપીના ઘરની આજુબાજુમાં રહેતા લોકો સાથે ઝઘડાની અદાવતમાં સ્વરક્ષણ સારૂં પોતે હથિયાર રાખતો હોવાનું જણાવ્યું છે. બીજી તરફ ક્રાઈમબ્રાંચે રખિયાલ ચાર રસ્તા પાસેથી નિઝામુદ્દીન ઝાબીરખાન પઠાણને ત્રણ દેશી તમંચા, જીવતા કારતુસ-૨ સાથે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલ આરોપી નિઝામુદ્દીન હથિયારો ઉત્તરપ્રદેશના તીનમુડીયા ગામમાં રહેતા તેના મિત્ર રાજમન યાદવ પાસેથી વેચાણથી લઈ આવ્યો હતો.



પાલનપુર નગરપાલિકા દ્વારા અપાતા પીવાના પાણીની ટાંકીની સફાઈ હાથ ધરવામાં આવી હતી.
(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સલાટપુર બસ સ્ટેન્ડ નજીક ડમ્પરની ટક્કરે એકટીવાચાલક મહિલાનું મોત

તલોદ, તા. ૧૧

અમદાવાદ - મોડાસા રાજ્ય ધોરીમાર્ગ ઉપરના તલોદ તાલુકાના સલાટપુર ગામના સ્ટેન્ડ ઉપર જ એક્ટિવા અને ડમ્પર ટ્રકની ટક્કરથી થયેલા અકસ્માતમાં એક્ટિવા ઉપર સવાર થઈ જઈ રહેલા ૫૦ વર્ષની વયના એક


(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

મહિલાનું કમકમાટીભરી હાલતમાં ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જેઓ તેમના પતિ સાથે નરોડાથી ભિલોડા તાલુકાના રિંઢોડા ગામે એક લગ્નપ્રસંગે જઈ રહ્યા હતા ત્યારે આમ તેમને કમનસીબે માર્ગમાં જ મોત ભેટી ગયું હતું. અમદાવાદ તરફથી આવતી અને હરસોલ તરફ જતી ભારવાહક ડમ્પર ટ્રકના ચાલકની કથિત ભારે બેદરકારીને કારણે ડમ્પરની ટક્કર એક્ટિવાને લાગતાં આ અકસ્માત સર્જાયો હતો. જેમાં મોતને ભેટેલા મહિલાના પતિને નહિવત્ ઈજાો પહોંચી હતી. ડમ્પરનો ચાલક ઘટના સ્થળેથી જે તે વખતે ડમ્પર સાથે ફરાર થઈ ગયો હતો.

આજે સવારે ૮ વાગ્યના સુમારે સલાટપુર સ્ટેન્ડ ઉપરની ખાણી-પીણીની હોટલ આગળ જ ઘટેલ આ જીવલેણ અકસ્માતની વિગત કંઈક એવી છે કે મૂળ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના રિંટોડા ગામના રહીશ અને કેશવકુંજ સોસાયટી, નરોડા ખાતે રહેતા વિક્રમસિંહ ગુલાબસિંહ કુંપાવત તેમના પત્ની મનહરબા (ઉ.૫૦) સાથે ભાણેજના એક્ટિવા (નં. જીજે-૧-ટીડી ૧૨૪૯) ઉપર સવાર થઈને નરોડાથી રિંટોડા એક લગ્ન પ્રસંગે જવા નીકળ્યા હતા. વિક્રમસિંહનું એક્ટિવા રખિયાલ -ઉજેડીયા વટાવ્યા બાદ સલાટપુર સ્ટેન્ડ ઉપર પહોંચ્યું હતું. જ્યાં તેઓ બંને સલાટપુર સ્ટેન્ડ ઉપરની હોટલમાં ચા-પાણી કરવા રોકાયા હતા. ચા-પાણી કરીને એક્ટિવા ઉપર સવાર થઈ જેવા તેઓ હોટલથી રોડ ઉપર ચડ્યા ત્યાં જ પાછળથી આવતી ડમ્પર ટ્રકની જોરદાર ટક્કર એક્ટિવાને લાગતાં જ વિક્રમસિંહ અને મનહરબા એક્ટિવા સાથે જ રોડ ઉપર પટકાઈ પડ્યા હતા. જ્યાં મનહરબાને માથાના ભાગે અતિ ભારે ઈજાઓ પહોંચી હતી. તેમના માથાનો ભાગ ચિરાઈ જતાં ઘટના સ્થળે લોહી-માંસનો ઢગ ખડકાયો હતો. મનાય છે કે ત્યાં જ કણસતી હાલતમાં મનહરબાએ અંતિમ શ્વાસ છોડ્યો હતો. જ્યારે વિક્રમસિંહને હાથ-પગના ભાગે નહિવત ઈજાઓ પહોંચી હતી. બંનેને તલોદની સરકારી હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા પહોંચાડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબ ડૉ. જતીન પટેલે મનહરબાને મૃત ઘોષિત કર્યા હતા.



### પાલનપુર સહિત ગુજરાતના અન્ય વિસ્તારોમાં ઘરફોડ ચોરી કરનાર આરોપી ઝડપાયો

પાલનપુર, તા. ૧૧

પાલનપુર સહિત ગુજરાતના અમદાવાદ, અમરેલી અને રાજકોટ જેવા મોટા શહેરોમાં ઘરફોડ ચોરીઓ કરી હાહાકાર મચાવનાર અને નાસતા ફરતા આરોપીને આજે બાતમીના આધારે પાલનપુર ઝડપી પોલીસે ઝડપી પાડ્યો હતો. દિનેશગીરી પોપટપુરી ગોસ્વામીને પોલીસે તપાસ અર્થે અમદાવાદના ચાંદખેડા પોલીસ મથકે લઈ જઈ તપાસ આદરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન